## વડીલોને વંદન અભિનંદન



હર્ષદકુમાર એચ. ગાંધી
(૧૯૪૫)ફોન:૨૩૨૨૬૦૬૨



જીતેન્દ્રકુમાર સી. ચતુર્વેદી
(૧૯૪૯)ફોન:૨૩૨૮૯૪૮૫

# બહુચરાજીમાં બે સગા ભાઈઓ સહિત ચાર કિશોરો ડૂબી જતા અરેરાટી

મહેસાણા, તા.૨૨

મહેસાણા જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રા સ્થળ શકિતપીઠ બહુચરાજી ખાતે એસ.ટી. વર્કશોપ પાછળ આવેલ વરસાદી પાણીના વાંકડામાં બપોરના સમયે નહાવા પડેલ બે સગાભાઈઓ સહિત ચાર કિશોરો ના પાણીમાં ડૂબી જવાથી કરૂણ મોત નિપજતાં ગામમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે.

બહુચરાજીના શકિતનગર સોસાયટીમાં રહેતા ચાર કિશોરો બપોરના સમયે એસ.ટી. વર્કશોપ પાછળ આવેલ વરસાદી પાણીના નાનકડા તળાવમાં ન્હાવા માટે ગયા હતા જેઓ ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતાં ચારેય કિશોરોના કરૂણ મોત નિપજયા હતાં. આ ઘટનાની જાણ થતાં લોકોના ટોળા ઘટના સ્થળે ઉમટયા હતા તેમજ પોલીસ અને ગામના સરપંચ પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. તરવૈયાએ પાણીમાં શોધખોળ આદરી ભારે શોધખોળના અંતે મોડી સાંજે પાણીના ઉંડા ખાડામાંથી ચારેય કિશોરોની લાશો બહાર કાઢી હતી. આ સમયે મૃતકોના પરિવારજનોએ ભારે કલ્પાંત કરતાં ભારે ગમગીની છવાઈ ગઈ હતી. આ બનાવમાં જિલ્લાના ડીઝાસ્ટર મેનેજમેન્ટ તંત્ર તરફથી કોઈ જ મદદ ન મળતાં લોકોએ તંત્ર સામે ફિટકાર વરસાવ્યો હતો. મૃતક કિશોરોમાં બે સગાભાઈઓ અનિસ અમરતભાઈ મીર (ઉ.વ.૧૩) અને આરીફ અમરતભાઈ મીર (ઉ.વ.૧૪) તથા મહુેલ મનુભાઈ નાયી (ઉ.વ.૧૩) અને ધવલ ઉર્ફે કાલુ રમેશભાઈ પરમાર (ઉ.વ.૧૩) તમામ રહે. શકિતનગર સોસાયટી બહુચરાજીનો સમાવેશ થાય છે. પોલીસે ચારેય લાશોને પોસ્ટમોર્ટમ માટે સ્થાનિક સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલી આપી બાદમાં તેમના પરિવારજનોને લાશો સુપરત કરી હતી. આ બનાવથી સમગ્ર જિલ્લામાં ઘેરા શોકની કાલિમા છવાઈ ગઈ હતી. દરમિયાન ચાર કિશોરોના આકસ્મિક મોત થતાં બહુચરાજીના વેપારીઓએ ધંધા રોજગાર બંધ રાખી શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.



બનાસકાંઠા જિલ્લામાં મોબાઈલ દ્વારા આચરાતા ગુનાઓની સંખ્યા વધતા જિલ્લા પોલીસવડા અશોકકુમાર યાદવની સૂચનાથી એસ.ઓ.જી.ના પીએસઆઈ એમ.ડી. ચંપાવતે પાલનપુરના મોબાઈલ વેપારીઓની મીટીંગ બોલાવી જૂના કે નવા મોબાઈલ લે-વેચ કરતી વખતે ગ્રાહકોના નામ સાથેનું રજીસ્ટર રાખવા તાકીદ કરી હતી. નવા સીમકાર્ડ આપતી વખતે આઈડી પ્રૂફ જે વ્યક્તિનું હોય તે સિવાયની વ્યક્તિને સીમકાર્ડ ન આપવા અનુરોધ કરાયો હતો. વેપારીઓએ આ મીટીંગમાં પોલીસની વાત માનીને તકેદારી રાખવાનું વચન આપ્યું હતું.
(તસવીર : હરેશ જોષી, પાલનપુર)



પાલનપુર જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે આજરોજ બેઠક યોજવામાં આવી હતી. આગામી ૩૦ એપ્રિલે લોકસભાની ચૂંટણીમાં બનાસકાંઠા બેઠકના જોઈતાભાઈ પટેલને જંગી બહુમતીથી વિજયી બનાવવા માટે કાર્યકરોને કામે લાગી જવા આહવાન કરવામાં આવ્યું હતું. જેમાં જોઈતાભાઈ પટેલને ફૂલહાર પહેરાવી આગેવાનોએ જીતાડવાની ખાતરી આપી હતી. આ પ્રસંગે ઝાકીર ચૌહાણ, રવિ ગઢવી, નયનાબેન, કરણસિંહ ચૌહાણ, સુરેશ પટેલ સહિતના મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# મુંબઈ-અમદાવાદ હાઈવે પર ગેસના ટેન્કરમાં વિસ્ફોટ બાદ ભીષણ આગ : આઠ ભડથુ

## આગની જ્વાળાઓ અને ધુમાડા દુર સુધી નજરે પડ્યા : મહારાષ્ટ્રના દાહનું જિલ્લાના ચારોટી નાકા નજીક બનાવ

અમદાવાદ, મુંબઈ,તા. ૨૨

મુંબઈ-અમદાવાદ હાઈવે ઉપર ગેસ ટેન્કરમાં વિસ્ફોટ બાદ વિનાશકારી આગ ફાટી નિકળતા આઠ લોકો ભડથું થઈ ગયા હતા અને અન્ય નવ લોકો દાઝી ગયા હોવાના અહેવાલ મળ્યા છે. ઓઈલ ટેન્કર ઉંધી વળી જતાં ધડાકા સાથે આગ ફાટી નિકળી હતી અને ચારેબાજુ આગની જ્વાળાઓ ફેલાઈ ગઈ હતી. દૂર સુધી ધુમાડાઓ જોવા મળી રહ્યા હતા. દાઝી ગયેલા લોકો પૈકી પાંચની હાલત ગંભીર જણાવવામાં આવી છે.

આ સંદર્ભમાં માહિતી આપતા અધિકારીઓએ કહ્યું છે કે, આ બનાવ બપોરે ત્રણ વાગ્યાની આસપાસ અમદાવાદ-મુંબઈ હવાઈ પર ચાઓરી ચેકપોસ્ટ નજીક બન્યો હતો. ડિસ્ટ્રીક્ટ ડિઝાસ્ટર કન્ટ્રોલ રૂમ દ્વારા આ અંગેની માહિતી આપવામાં આવી છે. બનાવની જાણ થયા બાદ આસપાસ મોટી સંખ્યામાં લોકો એકત્રિત થઈ ગયા હતા. ભારે ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. બનાવની જાણ થતા ફાયર બ્રિગેડની ટુકડી અને પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. મહારાષ્ટ્રના દહાનું જિલ્લાના ચારોટી નાકા ખાતે આ બનાવ બન્યો હતો. આ ઓઈલ ટેન્કરમાં પેટ્રોલ હોવાનું જાણવા મળ્યું છે. ટેન્કર ઉંધી વળી ગયા બાદ તેમાં પ્રચંડ બ્લાસ્ટ થયો હતો. કન્ટ્રોલ રૂમના વડા જયદીપ વસાવાએ માહિતી આપતા કહ્યું હતું કે, ઓઈલ ટેન્કરમાં બ્લાસ્ટ થયા બાદ તેમાં આગ ફાટી નિકળતા નજીકથી પસાર થતા એક વાહનના લોકો સકંજામાં આવી ગયા હતા. આ વાહનમાં ત્રણ લોકો મુસાફરી કરી રહ્યા હતા જ્યારે રોડ પરથી પસાર થતાં અન્ય ચાર લોકો પણ સકંજામાં આવી ગયા હતા જેથી આ તમામ લોકો બળીને ભડથું થઈ ગયા હતા. ઓઈલ ટેન્કરમાં ધડાકા બાદ ફાટી નિકળેલી આગમાં મૃત્યુ પામેલાઓમાં એક પોલીસ કોન્સ્ટેબલનો સમાવેશ થાય છે. દાઝી ગયેલા તમામ લોકોને મુંબઈમાં કાસા સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. મૃત્યુ પામેલા લોકોની ઓળખ હજુ સુધી કરવામાં આવી નથી.

# પ્રાંતિજમાં એક મહિના અગાઉ કરેલ હત્યાનો હત્યારો ઝડપાયો

પ્રાંતિજ, તા.૨૨

પ્રાંતિજ બજારમાં ગઈ ૨૨ ફેબ્રુઆરીના રોજ એક દેસાઈ યુવાનની અજાણ્યા શખ્સ દ્વારા ઘાતકી હત્યા કરાઈ હતી. હત્યારો એક મહિનાથી પોલીસથી નાસભાગ કરતો હતો. આ હત્યારાને પોલીસે ઝડપી પાડયો છે.

પ્રાંતિજ દેસાઈપોળમાં રહેતા વાસુદેવ શાંતિલાલ દેસાઈની ગઈ ૨૨ ફેબ્રુઆરીના રોજ અજાણ્યા શખ્સ દ્વારા હત્યા કરવામાં આવી હતી. હત્યામાં જેના ઉપર શંકા સેવાઈ રહી હતી તે ભટકો દરજી હત્યાના દિવસથી લાપતા થયો હતો. ભટકો એક મહિના બાદ પોતાના ઘરે આવતા તેના પિતાએ બૂમરાણ મચાવી દીધી હતી તેથી તે ઘરેથી તુરંત જ ભાગી ગયો હતો. અને ઘરેથી નીકળી હત્યારો ભાખરિયા બસ સ્ટેન્ડ પર પહોંચ્યો હતો જયાં પ્રાંતિજ પોલીસ સ્ટેશન ડી સ્ટાફના રમેશભાઈ ભરવાડ, દિપકસિંહ અને શર્માભાઈએ ઝડપી લઈ જેલ હવાલે કર્યો હતો.

# સરકારી બાબુ અમદાવાદમાં લાંચ લેતાં રંગે હાથ ઝડપાયા

અમદાવાદ, તા.૨૨

સુરત કસ્ટમ વિભાગના અધિકારીને અમદાવાદ શહેરના ઓઢવ વિસ્તારમાં ૩૦ હજારની લાંચ લેતા એન્ટી કરપ્શન બ્યુરોએ રંગે હાથે ઝડપી પાડ્યા છે. સુરત કસ્ટમ વિભાગના અધિકારીએ ઈપીસીજી લાયસન્સ માટે અમદાવાદ આવીને મશીનનું ઈન્સ્પેક્શન કરીને રૂા. ૩૦ હજારની લાંચ માંગણી કરતા એસીબીએ છટકું ગોઠવીને પકડી પડ્યા હતા.

સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, બાપુનગર વિસ્તારમાં રહેતા દિનેશભાઈ કેશવભાઈ પટેલ પોતાની એમ્બ્રોડરીની ફેકટરી ઓઢવ વિસ્તારમાં ચલાવે છે. ગત જુલાઈમાં દિનેશભાઈએ ચાઈનાથી ત્રણ એમ્બ્રોડરીના મશીન ખરીદ્યા હતા. આ મશીનને અહીં લાવવામાં આવ્યું ત્યારે તેમણે સુરતની ઓફીસનું સરનામું આપ્યું હતું. તેથી સુરત કસ્ટમ વિભાગના અધિકારી તપાસ અર્થે અમદાવાદ આવ્યા હતા. કારણ કે દિનેશભાઈએ આ ત્રણ એમ્બ્રોડરીના મશીન બાદમાં અમદાવાદ લાવ્યા હતા. તેથી સુરત કસ્ટમ વિભાગના અધિકારીએ ઓઢવ વિસ્તાર સ્થિત દિનેશભાઈની ફેકટરી આવ્યા ત્યારે ઈપીસીજી લાયસન્સ માટે કસ્ટમ વિભાગના અધિકારીએ દિનેશભાઈ પાસે મશીનના ઈન્સ્પેકશ કરીને રૂા. ૩૦,૦૦૦ની માંગણી કરી હતી. એક મશીન દીઠ ૧૦,૦૦૦ રૂપિયા, પરંતુ દિનેશભાઈએ આ અંગે અમદાવાદ એન્ટી કરપ્શન બ્યુરોને જાણ કરતા તેમણે છટકુ ગોઠવીને સુરતના કસ્ટમ વિભાગના અધિકારીને રંગે હાથ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યભરમાં સરકારી બાબુઓ દ્વારા લાંચ લેવાતા બનાવો પ્રકાશમાં આવી રહ્યા છે.

# પાલનપુરમાં લોક અદાલત યોજી ૧૫૬ કેસોનો નિકાલ કરાયો

પાલનપુર, તા.૨૨

બનાસકાંઠાના જિલ્લા મથક પાલનપુર ખાતે જોરાવર પેલેસમાં આવેલ ન્યાય સંકુલમાં જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા લોક અદાલત યોજાઈ હતી. આ જિલ્લા લોક અદાલતમાં તમામ પક્ષકારોનો અભૂતપૂર્વ સહકાર સાંપડયો હતો.




(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

આ લોકઅદાલતનું ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ એ.સી. જોષીએ દિપ પ્રાગટય કરી શુભારંભ કરાવ્યો હતો. આ લોકઅદાલતમાં મોટર અકસ્માત વળતરના ૨૦૭ કેસો થયા હતા. જેમાંથી ૧૫૬ કેસોનો નિકાલ કરી રૂ. ૨,૫૧,૩૦,૨૦૬નું વળતર ચૂકવવાનું જાહેર કરાયું હતું. પાલનપુર બાર એસોસિએશનના પ્રમુખ, મંત્રી અને એડવોકેટસ સાથે સુમેળભર્યા વાતાવરણમાં જિલ્લા કક્ષાની લોક અદાલતમાં કો-ઓર્ડીનેટર કે.એસ. પટેલ, બીજા ડિસ્ટ્રીકટ સેસન્સ જજ એમ.એમ. ગાંધી ચોથી ડિસ્ટ્રીકટ કોર્ટે સેશન્સ જજ સી.બી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

સેક્રેટરી આર.એન. કરનાનીએ તેમના ઉદબોધનમાં લાંબા સમયથી પેન્ડીંગ હોય તેવા કેસોનો લોક અદાલતમાં સુમેળભરી રીતે પતાવવાનો એક સાચો માર્ગ હોવાનું જણાવ્યું હતું. આ લોક અદાલતમાં જિલ્લાભરમાંથી પક્ષકારો, વકીલો અને સરકારી વકીલોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

## શબ્દાવલી - ૫૩૪૫



### આડી ચાવી

૧. મધુપ્રમેહ (૫)
૫. સ્હેજ, વૃદ્ધાવસ્થા (૨)
૭. ના, નનૈયો (૩)
૮. રાજા, ફરિયાદ (૨)
૯. વસ્ત્ર, પોશાક (૩)
૧૧. પિતૃઓને અપાતી અંજલીની વિધિ (૪)
૧૩. માલિક, પતિ (૪)
૧૫. ૨૦ કિલોનું માપ (૨)
૧૬. સમાવેશ, સમાવવું (૪)
૧૮. મસ્તક, માથુ (૨)
૨૦. ચીરા, વાઢિયા (૨)
૨૨. હરણ જેવી આંખો વાળી(૫)
૨૩. પરંતુ (૨)
૨૪. શરીર (૨)
૨૫. ચીડ, ગુસ્સો, દ્વેષ (૨)

### ઊભી ચાવી

૧. કિડની બગડી હોય ત્યારે લોહી શુદ્ધ કરવા માટેની યાંત્રિક પ્રક્રિયા (૫)
૨. સત્તાવાર ના હોય તેવું (૬)
૩. નિંદા, વગોવણી (૨)
૪. હોડ, શર્ત (૩)
૫. થોડુક પણ (૪)
૬. લંકાપતિ, લંકેશ (૩)
૧૦. બારેમાસ થતો એક ફુલછોડ (૪)
૧૨. ખેલ (૩)
૧૪. .... લખવાનું કે, પત્રની શરૂઆતનું સંબોધન (૨)
૧૭. જાપાનનું રહેવાસી (૪)
૧૯. આકાશ, નભ (૩)
૨૦. નિયમ, લો (૩)
૨૧. લાંબી મુસાફરી, સફર (૨)
૨૨. મરેલ (૨)

### શબ્દાવલી ૫૩૪૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) ગિરનાર (૫) મેજર (૮) રખેવાળ (૯) દાડમ (૧૦) વુલન (૧૨) ઘરોબો (૧૪) દયા (૧૫) રજ (૧૮) ગાસડી (૨૦) કારગત (૨૧) વીરાટ (૨૩) સયાની

**ઊભી ચાવી :-** (૧) ગિરજાગર (૨) રખે (૩) નાવા (૪) રળવું (૫) મેદાન (૬) જડ (૭) રમતીયાળ (૧૧) લત્તો (૧૩) રોજગાર (૧૬) ખંડીત (૧૭) શિયાવીયા (૧૯) સગડી (૨૦) કાન (૨૨) રાની

## ૪ કિલોના સોનાના જથ્થા સાથે એકની ધરપકડ થઈ

અમદાવાદ, તા.૨૨

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સોનાની દાણચોરીની ઘટનાઓ જાણે સાવ સામાન્ય બની ગઈ હોય તેમ રોજબરોજ સોનાની દાણચોરીના કિસ્સા બહાર આવે છે. રાજ્યના સૌથી વ્યસ્ત ગણાતા સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી દુબઈથી સ્પાઈસ જેટ ફલાઈટમાં આવી રહેલ મોહમ્મદ સાદીક નામના શખ્સની કસ્ટમ વિભાગે ચાર કિલોના જંગી સોનાના જથ્થા સાથે અટકાયત કરી હતી. આ ઘટનાની વિગત એવી છે કે, ગત મોડી રાત્રે દુબઈથી અમદાવાદ આવી રહેલ સ્પાઈસ જેટની ફલાઈટમાં મોહમ્મદ સાદીક નામના શખ્સે એક કિલોના ચાર સોનાના બિસ્કીટ ગેરકાયદેસર રીતે દાણચોરી કરી હતી. કસ્ટમ વિભાગના અધિકારીઓને આ શખ્સ શંકાસ્પદ લાગતા તેની તપાસ હાથ ધરી હતી. જેમાં તેની પાસેથી ચાર કિલો સોનાના બિસ્કીટ મળી આવ્યા હતા.

### નવી ટીમ તૈયાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દિવસ સુધી રહીને મોદી માટે પ્રચાર કરી શકે તેવા યુવાનોની પસંદગી કરવામાં આવનાર છે. મોદીના નજીકના સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે તેઓએ કુશળ અને પ્રતિભાશાળી તેમજ મોદી માટે સન્માન ધરાવનાર યુવા ટીમની તૈયારી કરી છે. વારાણસી મત વિસ્તારમાં પ્રચારના છેલ્લા અને અંતિમ ૪૦ દિવસ દરમિયાન આ લોકો પ્રચાર કરશે.

મોદી આ વખતે વારાણસીમાંથી ચૂંટણી મેદાનમાં ઉતરી ચૂક્યા છે. ચૂંટણી પ્રચાર માટે એક મહિનાનો સમય કાઢનાર કોઈપણ વ્યક્તિને યોગદાન આપવાની સત્તા સોંપવામાં આવી છે. નરેન્દ્ર મોદી ટૂંકમાં જ વારાણસીની મુલાકાત લેશે અને આ કમ્પેનની શરૂઆત કરશે. વારાણસી પ્રચાર ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. ભાજપે સમગ્ર વારાણસીમાં મોદીની લહેર માટે પણ તૈયારી કરી લીધી છે. ભાજપે હર હર મોદી, ઘર ઘર મોદી નામથી પણ પ્રચારની શરૂઆત કરવાની તૈયારી કરી દીધી છે. વારાણસીમાં આ ઝુંબેશ ચાલી રહી છે. ભાજપના વારાણસી એકમે પક્ષની રાષ્ટ્રીય યુનીટથી અલગ થઈને આ કામગીરી હાથ ધરી છે. સીએજીના કુશળ પ્રોફેશનલોની ટૂકડી ઘેર ઘેર જઈને પ્રચાર કરશે. આના માટે દુરસંચારના જુદા જુદા પરંપરાગત અને નવા સાધનોનો ઉપયોગ કરવામાં આવશે.

# ધન સંગ્રહના નામે મોટાપાયે નાણાંની ગોઠવણ થઈ રહી છે

અમદાવાદ, તા.૨૨

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા મનિષ દોષીએ આજે ભાજપ સરકાર ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, ગુજરાતમાં ભાજપ શાસનમાં આવ્યા બાદ ધનસંગ્રહના નામે મોટા પાયે નાણાંની ગોઠવણ કરવામાં આવી છે અનેક કાળા બજારીઓ, સંગ્રહખોરો અને સરકારી તિજોરીના લાભાર્થીઓ દ્વારા ભાજપને મોટા પાયે નાણાં આપવામાં આવ્યા છે.

ભાજપ પક્ષ નૈતિકતાની ગૂલબાંગો ફેંકી રહ્યું છે અને બીજી બાજુ કરોડો રૂપિયા એકત્ર કરીને ચૂંટણીમાં નાણાંનો મોટાપાયે દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, સુરતના બે કથિત આયાતકારો દ્વારા ૭૦૦ કરોડનું હવાલા કૌભાંડમાં અનેક લોકો સંડોવાયેલા છે ત્યારે દેશના અર્થતંત્રને નુકશાન કરનાર આવા આર્થિક ગુનેગારો સામે જ્યારે કેન્દ્રીય એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ખુલ્લુ કરવામાં આવ્યું છે ત્યારે ગુજરાત પોલીસ પણ કોઈ પણ પ્રકારની રાજકીય શેહશરમ વીના કડક પગલા ભરે તે અત્યંત જરૂરી છે.સુરત ખાતે એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટર દ્વારા ૭૦૦ કરોડ રૂપિયાના પકડાયેલા મસમોટા હવાલા કૌભાંડમાં ભાજપના અનેક માથાઓની કથિત આયાતકારો સાથે નજકીદી ખુલ્લી પડી રહી છે ત્યારે નૈતિકતાની ગુલબાંગો અને કાળાનાણાં અંગે બુમરાળ મચાવનાર ભાજપ કેમ મૌન છે તેવો પ્રશ્ન કરતાં ગુજરાત પ્રદેશ સમિતિના પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, સુરત ખાતે રૂપિયા ૭૦૦ કરોડના મસમોટા હવાલા કૌભાંડમાં પકડાયેલા કથિત આયાતકારો ભાજપના સાસંદ અને અન્ય મોટા નેતાઓ સાથે નજીકથી સંકળાયેલા હોય તેવા સુરાગ ખુલી રહ્યા છે ત્યારે ભાજપ અને અન્ય મોટા નેતાઓ સાથે નજીકથી સંકળાયેલા હોય તેવા સુરાગ ખુલી રહ્યા છે ત્યારે ભાજપ હવાલા કૌભાંડ અંગે દેશની જનતાને સત્ય જણાવે. એન્ફોર્સમેન્ટ ડાયરેકટરે ૭૦૦ કરોડના હવાલા કૌભાંડ અંગે પોલીસ કેસ દાખલ કરવા સુરત પોલીસને જણાવ્યું છે.

ગુજરાતમાં વિવિધ ૧૭ કૌભાંડોમાં એક લાખ કરોડ કરતા વધુનો ભ્રષ્ટાચાર ભાજપ દ્વારા કરવામાં આવ્યો છે. ગુજરાતમાં રેતી, જીપસમ, બોકસાઈટ, લીગ્નાઈટ, કોલસો, કાચીમાટી સહિત કિંમતી કુદરતી સંશાધનો ભાજપના મંત્રીઓ આશીર્વાદથી અબજો રૂપિયાની લૂંટ ચલાવવામાં આવી છે.

# અમદાવાદ સહિત ગુજરાતમાં તાપમાનમાં ભારે ઉથલપાથલ

## અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૯.૮ ડિગ્રી નોંધાયું પરંતુ આજે ઘટીને ૧૮ ડિગ્રી થવાની હવામાન ખાતાની આગાહી

અમદાવાદ,તા.૨૨

અમદાવાદ સહિત ગુજરાતના જુદા જુદા ભાગોમાં ગરમીનું પ્રમાણ હવે વધી રહ્યું છે. પ્રદેશમાં નીચલી સપાટીએ ફુંકાઈ રહેલા ઉત્તર-પશ્ચિમી પવનોના પરિણામસ્વરુપે અમદાવાદ શહેરમાં અને ગુજરાતના જુદા જુદા ભાગોમાં તાપમાનમાં ઝડપથી બદલાવ થઈ રહ્યા છે. આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન વધીને ૧૯.૮ ડિગ્રી થઈ ગયું હતું જેના લીધે લોકોએ દિવસ દરમિયાન તીવ્ર ગરમીનો અનુભવ કર્યો હતો. બીજી બાજુ રાજ્યના પાટનગર ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૧૯.૨ બે ડિગ્રી નોંધાયું હતું જેના કારણે અહીં પણ લોકોએ ગરમીનો અનુભવ કર્યો હતો. નલિયામાં લઘુત્તમ તાપમાન એકાએક વધીને ૨૧.૮ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. હવામાન વિભાગ દ્વારા અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, આવતીકાલે અમદાવાદ શહેરમાં આજની સરખામણીમાં લઘુત્તમ તાપમાન ઘટીને ૧૮ ડિગ્રીની આસપાસ પહોંચી શકે છે. બીજી બાજુ તાપમાનમાં થઈ રહેલા વારંવાર ફેરફારના કારણે લોકો બિમારીઓના સકંજામાં આવી રહ્યા છે. ખાનગી અને સરકારી હોસ્પિટલમાં જુદા જુદા ઈન્ફેકશન સાથેના દર્દીઓનો ભરાવો દેખાઈ રહ્યો છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ટચૂકડી જાહેર ખબર
ફ્લેટ વેચવાનો છે
શ્રી રંગ નેનો સીટી-૨
એ-૩૦૪, ૭૪ ચો. યાર્ડ,
1 B.H.K.
સરગાસણ ગામ, ગાંધીનગર
કોન્ટેક્ટ નં.
૮૫૧૧૦૯૨૩૧૧